# ૨૪ ઓગષ્ટ –૨૦૧૬ (બુધવાર)

**(૧) ૬૭મો વન મહોત્સવ :**

- તા.૨૪/૮/૨૦૧૬ના રોજ ૬૭માં વનમહોત્સવ અંતર્ગત 'શહીદ વન' નું લોકાર્પણ કાર્યક્રમ થયો.
- સ્થળ : ભૂચર મોરી, તા ધ્રોલ, જિ. જામનગર
- ૫ કરોડ ૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ આ શહીદ સ્મૃતિવનમાં ૮૩૩૦ વૃક્ષોની સાથે ૬૨૫૦૦ જૂદા જુદા વૃક્ષોના રોપા વાવવામાં આવ્યા છે.
- શહિદવનમાં ૧૧ ઉપવન તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં રાશિવન, નક્ષત્રવન, નવગ્રહોનું વન, ચંદનવન, તુલસીવન, બિલીપત્ર વન, પંચવટી, આરોગ્યવન, આનંદવન, અને આજીવિકા વનનું નિર્માણ થયું છે.
- ભૂચરમોરના મેદાનમાં રાજા અજાજી શહિદ થયા હતા તેમની પ્રતિમા આરસપહાણમાંથી તૈયાર કરવામાં આવશે.
- ભૂચરમોરીનો ઇતિહાસ :
  – ગુજરાતના છેલ્લા મુઘલ સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાને હરાવ્યા બાદ અકબરે કેદ કર્યો હતો.
  – ભૂચરમોરીનો ઇતિહાસ :
- ગુજરાતના છેલ્લા મુઘલ સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાને હરાવ્યા બાદ અકબરે તેને કેદ કર્યો હતો.
- ત્યાથી ભાગેલો આ કેદી જામનગરના રાજા જામ સતાજીના શરણે આવ્યો
- અકબરે સતાજીને કેદીને પાછો સોંપો નહીં તો યુદ્ધ માટે તૈયાર રહેવા સંદેશો મોકલ્યો.
- જામ સતાજીએ ક્ષાત્રધર્મ અને આશરાધર્મનું કરવા કેદીને પાછો ના સોંપ્યો અને ભૂચરમોરી મેદાનમાં યુદ્ધ ખેલાયું.
- અકબરે મીર્ઝા અઝીઝ કોકાને લશ્કર લઇને જામનગર પર ચડાઇ કરવા રવાના કર્યા.
- અકબરના સૈન્યને ધ્રોલના ભૂચરમોરીના મેદાનમાં આંતરીને સતાજીની સેનાએ અકબર સાથે બાથ ભીડી હતી.
- ત્રણમાસ ચાલેલા આ યુદ્ધમાં જામનગરને કુંડલાના કાઠી ખુમાણો અને જૂનાગઢના નવાબ દોલતખાને મદદ કરી હતી અને અંતે અકબર મંત્રણા માટે તૈયાર થયો હતો.
- પરંતુ એ સમયે દોલતખાન અને કાઠી ખૂમાણો અકબર સાથે ભળી ગયા અને ફરીથી પાંચથી સાતમ સુધી યુદ્ધ ચાલ્યું હતું.
- આ સમયે લગ્નના માંડવેથી જામ સતાજીના પુત્ર અજાજી ૫૦૦ જાનૈયા સાથે ભૂચરમોરી પહોંચી ગયા અને યુદ્ધમાં અજાજી શહીદ થયા
- આ ભૂમિ શહિદોની તીર્થ ભૂમી બની રહે તે માટે
  ।। ગામોમાંથી લવાયેલા પાળીયાઓનું અને શહિદવન સ્મારકનું લોકાર્પણ કરાયું.

**(૨) કબડ્ડી વર્લ્ડકપ : ૨૦૧૬**

- આગામી કબડ્ડી વર્લ્ડકપ ૭ થી ૨૨ ઓક્ટોબર દરમિયાન અમદાવાદ ખાતે યોજાશે
- કબડ્ડી વર્લ્ડકપમાં ભારત સહીત કુલ ૧૨ દેશની ટીમો ભાગ લેશે.
- અગાઉ યોજાયેલા તમામ સાત વર્લ્ડકપમાં ચેમ્પિયન ભારત બન્યું છે અને યજમાની પણ ભારતે જ કરી છે.

**(૩) ગુજરાત વિધાનસભામાં જીએસટી બિલ પસાર :**

- જીએસટી લાવવા કાયદો ઘડવા માટે બંધારણના સુધારાને મંજુરી આપનાર ગુજરાત દેશનું છઠ્ઠું રાજ્ય બન્યુ છે.
- અગાઉ આસામ, બિહાર, છત્તિસગઢ, ઝારખંડ અને હિમાચલ પ્રદેશ જીએસટી બિલ પસાર કરી ચૂક્યા છે.

**(૪) ડિજિટલ ઇન્ડિયાની ઝુંબેશ માટે ઝારખંડના હિરાચુની ગામની પસંદગી :**

- ડિજિટલ ઇન્ડિયાની ઝુંબેશના ભાગરૂપે ઝારખંડના નાનકડા એવા હિરાચુની ગામની પસંદગી કરવામાં આવી છે.
- આ અંતર્ગત દરેક ગામવાસીનું ફેસબુક–વોટ્સએપ અને ઇ–મેઇલ એકાઉન્ટ બનાવાશે.
- ગામના તમામ લોકો સોશિયલ નેટવર્ક સાથે જોડાયેલા હોય એવું આ દેશનું પહેલું ગામ બનશે.

**(૫) એસ.આર. નાથન :**

- સિંગાપોરના પૂર્વ પ્રમુખ ભારતીય મૂળના એસ.આર. નાથનનું અવસાન
- તેઓ સિંગાપોરના પ્રમુખ તરીકે સૌથી લાંબી સેવા આપનાર રાષ્ટ્રપ્રમુખ હતા.

પ્રશ્નો :

(૧) ડિજિટલ ઇન્ડિયાની ઝુંબેશ માટે ઝારખંડના કયા ગામની પસંદગી કરવામાં આવી ?
- હિરાચુની

(૨) તાજેતરમાં અવસાન પામેલ સિંગાપોરના પૂર્વરાષ્ટ્રપ્રમુખ ?
- એસ.આર. નાથન

(૩) જીએસટી બીલ વિધાનસભામાં પાસ કરનાર ગુજરાત દેશનું કેટલામું રાજ્ય બન્યું ?
- છઠ્ઠું

(૪) કબડ્ડી વર્લ્ડ કપ ૨૦૧૬ કયા યોજાશે અને ક્યારે ?
- અમદાવાદ, ૭ થી ૨૨ ઓક્ટોબર

(૫) ધ્રોલ તાલુકાના કયા સ્થળે ૬૭મો વન મહોત્સવ અંતર્ગત શહિદવનનું લોકાર્પણ કરાયું ?
- ભૂચરમોરી

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧